વાપી મનપાની સામાન્ય સભામાં શહેરના સર્વાંગી વિકાસ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી

# CM મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટને મંજૂરી

**દરેક** વોર્ડમાં સ્ટ્રીટ વેન્ડરો માટે અલાયદી અને સુવ્યવસ્થિત વ્યવસ્થા ઊભી કરાશે

**શહેરી** બસ સેવા માટે એસપીવીના શેર કેપિટલ અને સફાઈ કામદારોની લાંબા ગાળાની નિમણૂક મંજૂર



વાપી : વાપી મહાનગરપાલિકાના મોરારજી દેસાઈ ભવનના સભાખંડમાં મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને બુધવારે વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં શહેરના સર્વાંગી વિકાસ, નાગરિકલક્ષી સુવિધાઓ, શહેરી પરિવહન, સ્વચ્છતા વ્યવસ્થા તેમજ વિવિધ માળખાકીય વિકાસકાર્યોને લગતી મહત્વપૂર્ણ દરખાસ્તો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સામાન્ય સભામાં રજૂ કરવામાં આવેલી મહત્વપૂર્ણ દરખાસ્તોને સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આજની સામાન્ય સભામાં ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષ સતીશ પટેલ, વિવિધ સમિતિઓના અધ્યક્ષો, ચૂંટાયેલા કાઉન્સિલર, વિરોધ પક્ષના નેતા પીરૂભાઈ મકરાણી, ખડુંભાઈ પટેલ, કમિશનર એન. એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનર વિશાલ પટેલ તથા કિરણસિંહ રાણા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## સામાન્ય સભામાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો

શહેરના સ્ટ્રીટ વેન્ડરોને સુવ્યવસ્થિત જગ્યા તથા જરૂરી સુવિધાઓ મળી રહે અને નગરજનોને પણ વધુ સુવિધાજનક વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે હેતુથી CM મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના હેઠળની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. જે અંગે સ્થાયી સમિતિના અધ્યક્ષ સતિષ પટેલે જણાવ્યું હતું કે, વાપીના દરેક વોર્ડમાં સ્ટ્રીટ વેન્ડરો માટે અલાયદી તથા સુવ્યવસ્થિત વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. જેથી સ્ટ્રીટ વેન્ડરો નિયત સ્થળે પોતાનો ધંધો-રોજગાર કરી શકે અને નગરજનોને પણ જરૂરી ચીજવસ્તુઓ તથા સેવાઓ સરળતાથી મળી રહે જે બાબતે આ દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી.

## વિકાસકાર્યો માટે જરૂરી ખર્ચ કરવા તથા કરાર કરવાની સત્તા

મહાનગરપાલિકાના વિવિધ વિકાસલક્ષી કામો સમયસર હાથ ધરી પૂર્ણ કરી શકાય તે હેતુથી સંબંધિત વિકાસકાર્યો માટે જરૂરી ખર્ચ કરવા તથા કરાર કરવાની સત્તા અંગેની દરખાસ્ત ગત તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણ અનુસાર રજૂ કરાયેલી દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી.

## ROB/RUB પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત

વાપી શહેરના પરિવહન માળખાને વધુ સુદ્દઢ બનાવવા તથા માર્ગ વ્યવસ્થામાં સુધારો લાવવાના હેતુથી હાથ ધરાનાર ROB/RUB પ્રોજેક્ટ માટે જરૂરી જમીન સંપાદન અંગેની દરખાસ્ત ગત તા. ૧૧/૦૯/૨૦૨૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણ અનુસાર રજૂ કરાયેલી દરખાસ્તને સભામાં સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. વાપી શહેરમાં શહેરી બસ સેવા વધુ સુવ્યવસ્થિત અને અસરકારક રીતે ઉપલબ્ધ કરાવવા માટે રચવામાં આવેલ Special Purpose Vehicle (SPV) ના રિવાઇઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા શેર કેપિટલ નક્કી કરવા અંગેની દરખાસ્ત ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણ અનુસાર દરખાસ્તને બહાલી આપવામાં આવી હતી.

## સભામાં આ મુદ્દાઓ પણ ઉઠ્યા

આવાસ યોજના બનાવવામાં આવી રહી છે જેમાં કેટલાક સ્થળોએ કોન્ટ્રાક્ટર દ્વારા બનાવવામાં આવેલા સ્લેબો તૂટી ગયેલા છે અને આ બાબતે કોન્ટ્રાક્ટરને પૂછવામાં આવે તો કહે છે સ્લેબ તૂટી જાય કે કંઈ થાય તો જવાબદારી અમારી.. વાપી આંબેડકરનગરમાં જે તે સમયે પાલિકા દ્વારા શૌચાલય બનાવવામાં આવેલું હતું. જેને લઈ રાહત હતી. જો કે, કોઈક કારણવશ બનાવેલા શૌચાલયને દૂર કરી દેવામાં આવ્યું છે. આ વિસ્તારમાં શૌચાલય બને તો મોટી રાહત થઈ શકે.

## જમીનની માલિકીના પ્રશ્નોની સમસ્યાનું નિરાકરણ લાવવા માર્ગદર્શન અપાયું

વાપી મહાનગરપાલિકાની સફાઈ વ્યવસ્થાને વધુ સુદ્દઢ બનાવવા માટે મહાનગરપાલિકા દ્વારા અગાઉ કરવામાં આવેલી સફાઈ કામદારોની ભરતીને પાંચ વર્ષ પૂર્ણ થતા હોય તથા સંબંધિત સફાઈ કામદારોની કામગીરી સંતોષકારક હોવાનું ધ્યાનમાં લઈ તેમની લાંબા ગાળાની નિમણૂંક અંગેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. ગત તા. ૨૧/૦૯/૨૦૨૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણ અનુસાર રજૂ થયેલી આ દરખાસ્તને સામાન્ય સભામાં સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા નાગરિકલક્ષી પ્રશ્નોની રજૂઆત સામાન્ય સભા દરમિયાન વિરોધ પક્ષના નેતા પીરૂભાઈ મકરાણી દ્વારા વાપી મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નવા ગામોમાં બાંધવામાં આવેલા મકાનોની આકારણી કરી મિલકતવેરો લાગુ કરવાની બાબતે રજૂઆત કરવામાં આવી હતી. આ અંગે ડેપ્યુટી મેયર મીતેશ દેસાઈએ જમીનની માલિકી સંબંધિત પ્રશ્નોના કારણે મકાનોની આકારણી કરવામાં કેટલીક મુશ્કેલીઓ પડતી હોવાનું જણાવ્યું હતું. તેમજ જરૂરિયાત મુજબ સંબંધિત નાગરિકોને મહાનગરપાલિકાના ટેક્સ વિભાગના રાકેશભાઈનો સંપર્ક કરી તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## ટૂંક સમયમાં જ પમ્પિંગ સ્ટેશન કાર્યરત કરાશે

વોર્ડ નં. ૧૩નાં કાઉન્સિલર ક્રિષ્ના ભાનુશાલી દ્વારા તેમના વિસ્તારમાં આવેલા પમ્પિંગ સ્ટેશન અંગે રજૂઆત કરી હતી. આ અંગે ડેપ્યુટી મેયર મીતેશ દેસાઈએ પમ્પિંગ સ્ટેશન ખાતે બાકી રહેલી કામગીરી હાલમાં પૂર્ણ થઈ ગઈ હોવાનું જણાવી, ટૂંક સમયમાં જ પમ્પિંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. સામાન્ય સભામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા નાગરિકલક્ષી પ્રશ્નો અંગે પણ ચર્ચા કરી સંબંધિત વિભાગો મારફતે જરૂરી કાર્યવાહી કરવાની બાબતે ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ સભામાં કમિશનર એન. એફ. ચૌધરીએ પ્રતિનિધિઓ અને નગરજનોને શહેરની સ્વચ્છતા બાબતે મનપા દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની વિગતો આપી વાપી શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા જરૂરી સહકાર આપવા અને પ્રતિનિધીઓને તેઓના વોર્ડમાં સ્વચ્છતા જળવાય રહે તે રીતે નગરજનોને સમજાવવા અપીલ કરી જાહેરમાં ગંદકી નહીં કરવા આપીલ કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી ખડકીમાં ક્વોરીના પાણીમાં ડૂબી જતા ઓરવાડના આધેડનું મોત


અમૃત પટેલ

પારડી : ઓરવાડના આનંદ નગરમાં રહેતા નરેશ રાઠોડ (ઉં.આ.50) ખડકીમાં આવેલી ક્વોરીના પાણીમાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સરપંચ તેમજ ગ્રામજનો પહોંચી ગયા હતાં. ઘટના અંગે પારડી ચંદ્રપુર માગેલા લાઈફ સેવર ટીમને જાણ કરાતા તેઓએ મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ બનાવ અંગેની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃત્યુ પાછળનું સાચું કારણ હજુ સુધી અકબંધ રહ્યું છે. પોલીસે મૃતદેહને કબ્જે કરી PM માટે ખસેડી આગળની કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

### મોરાઈમાં વાહનની ટક્કરે સાયકલસવાર વૃદ્ધનું મોત નિપજ્યું

વાપી : મોરાઈ ને.હા.નં.48 સ્થિત એચ.પી. પેટ્રોલ પંપની સામે માર્ગ ઉપર પસાર થઈ રહેલા સાયકલવાળાને વાહનની ટક્કર લાગી હતી. જેને પગલે સાયકલવાળાને ઈજાઓ પહોંચી હતી. પોલીસે પહોંચી એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી ઈજાગ્રસ્તને પારડી સીએચસી હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તબીબે મૃત જાહેર કર્યો હતો. અકસ્માતમાં મોતને ભેટનાર સાયકલવાળાની ઓળખ થઈ શકી નથી. આ બનાવ અંગે વાપી પોલીસે ગુનો નોંધ્યો હતો.

### સાદકપોરના યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

ઘેજ : ચીખલી તાલુકાના સાદકપોર નવાનગર ખાતે રહેતા વિક્રમ અબુંભાઇ પટેલ (ઉં.વ-૩૮) સવારના સમયે બાથરૂમ કરવા માટે જતો છું કહી ગયા બાદ ઘરે પરત ન આવતા પરિવારજનોએ શોધખોળ કરતા સાદકપોર દાદરી ફળીયા ખાતે મનીષ પટેલના આંબાના ખેતરમાં આંબાની ઝાડની ડાળી સાથે દોરી વડે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતુ. બનાવ અંગેની ફરિયાદ મરનારના પિતા અબુંભાઇ પટેલે કરતા પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઇ-આર.એન.વાડલે કરી રહ્યા છે.

### ધરમપુરમાં યુવકે ફાંસો ખાઈ જીવન ટુકાવ્યું

ધરમપુર : ધરમપુરના કરંજવેરી ગામના 24 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં પોલીસે પહોંચી તપાસ હાથ ધરી છે. કરંજવેરીના હેટી ફળિયામાં રહેતા જીજ્ઞેશ ભોયાએ મકાન પાછળની પેજારીના ભાગે ફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારજનોમાં શોકની લાગણી પ્રસરી હતી. યુવકના પિતા ધીરૂભાઈ ભોયા દ્વારા સમગ્ર બનાવ અંગે ધરમપુર પોલીસને જાણ કરવામાં આવી હતી. આ બનાવ અંગે ધરમપુર પોલીસે અકસ્માત મોતની નોંધ લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરાની વિદ્યાર્થિનીને ડ્રગ્સ પીવડાવી આચરાયું દુષ્કર્મ

**સોશિયલ** મીડિયા પર મિત્રતા કરી યુવતીને મુંબઈ લઈ જઈ પાંચ શખ્સે દુષ્કર્મ આચર્યુ હતુ, બે ઝડપાયા



વાપી : વડોદરા રહેતી અને પારૂલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી 20 વર્ષીય યુવતી સાથે ઈન્સ્ટાગ્રામ પર વડોદરામાં રહેતા સફાન જફર શેખ સાથે દોસ્તી થઈ હતી. ત્યારબાદ સફાને યુવતીને મુંબઈમાં પાર્ટી કરવા માટે બોલાવતા યુવતી મુંબઈ પહોંચી હતી. ત્યાં આગળ (1) ફૈઝાન મુલતાની અને (2) સલમાન, (3) ફરીદ વાહીદ કોઠીયાવાલા (ત્રણેય રહે. સુરત) (4) સફાન જફર શેખ (રહે. વડોદરા) અને (5) વસીમ સહિતના પાંચ શખ્સો ભેગા મળ્યા હતાં. ત્યારબાદ યુવતીને મુંબઈ અંધેરી ગેસ્ટ હાઉસમાં લઈ ગયા હતાં. ત્યાં પાર્ટી કરી હતી. જે બાદ યુવતીને વ્હીસ્કી-ડ્રગ્સનું સેવન કરાવતા યુવતી બેભાન થઈ હતી. જે બાદ કામવાસના ભૂખ્યાઓએ શારીરિક અડપલા કર્યા હતા અને સફાને હોઠના ભાગે બચકુ પણ ભર્યુ હતું અને દુષ્કર્મ કર્યુ હતું. જે બાદ તમામે યુવતીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

ત્યારબાદ મુંબઈથી પરત ઘરે આવવા કારમાં નીકળ્યા હતાં દરમિયાન યુવતીની તબિયત લથડતા વાપી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. યુવતીની હાલત જોઈ હોસ્પિટલના તબીબે આ બનાવ અંગેની જાણ વાપી ડુંગરા પોલીસને કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી યુવતીનું નિવેદન અને ફરિયાદ લીધા બાદ સફાન જફર શેખ અને ફરીદ વાહીદ કોઠીયાવાલાની ધરપકડ કરી હતી. બંને ઈસમોને વાપી કોર્ટમાં રજૂ કરાતા 7 દિવસના પોલીસ રિમાન્ડ મેળવ્યા હતાં. જ્યારે અન્ય ત્રણ આરોપીઓને પકડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## પોલીસ તપાસ ચાલી રહી છે

વાપી ડીવાયએસપી બી.એન.દવેના જણાવ્યા મુજબ, આ બનાવ અંગેની જાણ યુવતીના વાલીઓને કરવામાં આવી હતી. યુવતીનું મેડિકલ ચેકઅપ કરાવેલું છે. પોલીસ તપાસ ચાલી રહી છે. મુંબઈના સ્થળની પણ તપાસ કરી રહી છે અને કયા પ્રકારનું કેફી પીણું પીવડાવેલું છે અને તેમાં કેટલા લોકો સાથે હતા તેની વિગતવાર તપાસ ચાલી રહી છે.

# શિક્ષિકાએ વિદ્યાર્થીઓને ઢોર માર માર્યાનો આક્ષેપ

**પારડી** સાંઢપોરની શાળાના બાળકોના શરીર પર મારના નિશાન જોઈ વાલીઓ શાળાએ ધસી આવ્યા

વલસાડ : વલસાડ નજીકના પારડીસાંઢપોરની શાળામાં એક શિક્ષિકાએ વિદ્યાર્થીઓને માર માર્યાના આક્ષેપ સાથે વાલીઓ શાળામાં ધસી આવ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પણ શાળાએ પહોંચી શિક્ષિકાને પોલીસ મથકે લઈ ગઈ હતી.

પારડી સાંઢપોર પ્રાથમિક શાળાની શિક્ષિકા ભારતીબેન દ્વારા બાળકોને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હોય શાળામાંથી ઘરે પહોંચેલા બાળકોએ પોતાના પર થયેલા અત્યાચાર અંગે વાલીઓને જાણ કરી હતી. માસૂમ બાળકોના શરીર પર મારના નિશાન જોતા મોટી સંખ્યામાં વાલીઓ અને સ્થાનિક ગ્રામજનો પારડી સાંઢપોર પ્રાથમિક શાળા પરિસરમાં એકઠા થઈ ગયા હતા અને શાળા પ્રશાસન સામે સૂત્રોચ્ચાર કરી ભારે હોબાળો મચાવ્યો હતો. વાલીઓના આક્રોશ વચ્ચે પોલીસે મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો અને શિક્ષિકા ભારતીબેનને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. વાલીઓ અને ગ્રામજનોએ આવી શિક્ષિકા સામે કડકમાં કડક શિક્ષાત્મક પગલાં ભરવાની માંગ કરી છે.

## તપાસ રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી થશે

વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના નાયબ શિક્ષણ અધિકારી અર્જુન પટેલે જણાવ્યું કે, ઘટના અંગે મીડિયા દ્વારા અમને જાણ થતા તાત્કાલિક ટી.પી.ઓ. કેળવણી નિરીક્ષક બી.આર.સી.ની ટીમ બનાવી તપાસ હાથ ધરાઈ છે. તપાસ રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી થશે.

# મજૂરની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ સુરતના યુવકની હતી

**દમણના** કચીગામમાં અન્ડર કન્સ્ટ્રક્શન બિલ્ડીંગમાંથી મળી આવેલી યુવકની લાશનો ભેદ ઉકેલાયો, સુરતથી બે આરોપી ઝડપાયા

**પોલીસે** કચીગામથી લઈ વાપી, વલસાડ, સુરતથી અમદાવાદ સુધીના સી.સી.ટીવી કેમેરાની તપાસ કરી

દમણ : સંઘપ્રદેશ દમણના કચીગામ દેસાઈવાડ વિસ્તારમાં આવેલા એક અન્ડર કન્સ્ટ્રક્શન બિલ્ડીંગમાંથી અજાણ્યા પુરુષની લાશ મળી આવવાના ચકચારી કેસનો દમણ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની સુરતથી ધરપકડ કરી છે, જ્યારે ત્રીજા ફરાર આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

ગત ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજના અરસામાં પોલીસને માહિતી મળી હતી કે નિર્માણધીન બિલ્ડીંગમાં એક કોથડો ઓઢાડેલી લાશ પડી છે. પોલીસે સ્થળ પર પહોંચી તપાસ કરતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડીને હત્યા કરાઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. તપાસ દરમિયાન મૃતકની ઓળખ સુરતના રુસ્તમપુરા વિસ્તારમાં રહેતા અને વાપીમાં કેટરિંગ મજૂર તરીકે કામ કરતા ૩૭ વર્ષીય સૈયદ અકરમ અલી તરીકે થઈ હતી.

પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરતા એક રેસ્ટોરન્ટમાંથી મૃતક બહાર નીકળ્યો ત્યારે તેની પાછળ ત્રણ શંકાસ્પદ ઈસમો પણ જતા નજરે પડ્યા હતા. પોલીસે દમણથી લઈને સુરત, અમદાવાદ અને રેલવે સ્ટેશનોના એક હજારથી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના સહયોગથી કાલુપુર માર્કેટ વિસ્તારના ફૂટેજ ચકાસતા એક શંકાસ્પદનો ચહેરો સ્પષ્ટ થયો હતો. ત્યારબાદ સુરત ક્રાઈમ બ્રાન્ચની મદદથી વડોદરા પ્રેસ્ટીજ વિસ્તારના ફૂટપાથ પર રહેતા શૈલેષ રાકેશ સોની (ઉં.વ. ૨૩, મૂળ મધ્યપ્રદેશ) અને શાની રામ સજીવન (ઉં.વ. ૨૪, મૂળ ઉત્તરપ્રદેશ) ને પકડી પાડવામાં આવ્યા હતા.

સઘન પૂછપરછ દરમિયાન બંને આરોપીઓએ ગુનો કબૂલી લીધો હતો. પોલીસે બંનેને દમણ લાવી કોર્ટમાં રજૂ કરતા અદાલતે આગામી ૩ ઓક્ટોબર સુધીના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પકડાયેલા આરોપી શૈલેષ સોની વિરુદ્ધ અગાઉ સુરતમાં હત્યાના પ્રયાસનો ગુનો નોંધાયેલો છે. આ ગુનામાં સંડોવાયેલા ત્રીજા આરોપી આનંદ પાંડેને ઝડપી પાડવા અને હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વલસાડની હોસ્ટેલમાં ગંદકી મામલે ABVPનો હોબાળો

**આવેદનપત્ર** આપવા ગયેલા કાર્યકરોને સંચાલકો ન મળતા મામલો ગરમાયો

વલસાડ : વલસાડની નૂતન કેળવણી મંડળ સંચાલિત બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલમાં અખાદ્ય ભોજન અને ભારે ગંદકીના મુદ્દે મોટો હોબાળો મચી ગયો છે. અગાઉ ABVPના સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન હોસ્ટેલના રસોડામાંથી સડેલા ટામેટાં, એક્સપાયરી ડેટ વટાવી ચૂકેલા પાપડ તેમજ પીવાના પાણીની ટાંકીમાં અતિશય ગંદકી પકડાઈ હતી. વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે થતા આ ગંભીર ચેડાં અંગે રજૂઆત કરવા પહોંચેલા કાર્યકરો અને સંચાલકો વચ્ચે સ્થિતિ વણસતાં પોલીસે દરમિયાનગીરી કરવી પડી હતી.

આજરોજ ABVP વલસાડ વિભાગના અક્ષત શાહ, ભવ્ય જોશી, પરિતા દેસાઈ, પ્રથમ ત્રિપાઠી, વિજય ભરવાડ અને નચિકેત સહિતના કાર્યકરો સંસ્થા ખાતે આવેદનપત્ર પાઠવવા પહોંચ્યા હતા. જોકે, કાર્યાલયમાં કોઈ જવાબદાર વ્યક્તિ હાજર ન મળતા કાર્યકરોનો રોષ ભભૂકી ઊઠ્યો હતો અને તેમણે પરિસરમાં તાળાબંધી કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

મામલો ગરમાતાં વલસાડ સિટી પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પીએસઆઈ રાઠોડ અને તેમની ટીમે સમયસૂચકતા વાપરી મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસ અને વિદ્યાર્થીઓના ભારે દબાણને પગલે આખરે સંસ્થાના ટ્રસ્ટી કીર્તિ દેસાઈ સ્થળ પર હાજર થયા હતા. કાર્યકરો અને વિદ્યાર્થીઓએ હોસ્ટેલની કથળેલી સ્થિતિ બદલ આકરા સવાલો પૂછી રોષ ઠાલવ્યો હતો. તેમજ વિદ્યાર્થીઓને શુદ્ધ પાણી અને ગુણવત્તાયુક્ત ભોજન તાત્કાલિક પૂરું પાડવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચેતવણી આપી હતી.

# UIAની સભામાં હોસ્પિટલ પ્રોજેક્ટ અને કરોડોના વિકાસ કાર્યોની ચર્ચા

**GIDCમાં** ૪૨ કરોડના અંડરગ્રાઉન્ડ કેબલ અને ૨૮ કરોડના સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ સહિતની સુવિધાઓ અંગે માહિતી અપાઈ


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ UIAની વાર્ષિક સાધારણ સભામાં નાણાંકીય રિપોર્ટના મહત્વના હોસ્પિટલ પ્રોજેક્ટ સહિત એસ્ટેટના હિતમાં થયેલા કામોની વિગતે ચર્ચા થઈ હતી.

(UIAની એન્યુઅલ જનરલ મીટીંગ પ્રમુખ અશોક ગુપ્તા, ઉપપ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, સેક્રેટરી શ્યામ વિઝન, ટ્રેઝરર રત્નેશ્વર ચોરસીયા તથા મેમ્બરો અને ઉદ્યોગપતિઓની ઉપસ્થિતિમાં બુધવારે મળી હતી. પ્રમુખ અશોક ગુપ્તાએ નોટિફાઈડ એરીયા બોર્ડના ચેરમેન જીગ્નેશ બારી સહિતનું સ્વાગત કર્યુ હતુ. તેમણે હિસાબો રજૂ કર્યા હતા તથા મહત્વના હોસ્પિટલ પ્રોજેક્ટ અંગે જાણકારી આપી જણાવ્યું હતું કે ગત એજીએમમાં ટ્રસ્ટ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

તે ટ્રસ્ટ અંતર્ગત લેન્ડ બિલ્ડીંગ ટ્રસ્ટને સોંપવા MOU કરવાની જાણકારી આપી હતી. સભામાં યુઆઈએ દ્વારા ઉદ્યોગોના પ્રશ્નો ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, પર્યાવરણ, રેલવે, એસ.ટી બસ પરિવહન, વીજ પુરવઠો સેવાકીય પ્રવૃત્તિઓ અંગે કરવામાં આવેલા કામોની થયેલી કામગીરી અંગે જાણકારી આપવામાં આવી હતી. સભામાં હોસ્પિટલ પ્રોજેક્ટનું દાન આપનાર દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ઉમરગામ જીઆઈડીસીમાં રૂપિયા 42 કરોડના ખર્ચે અંડર ગ્રાઉન્ડ કેબલ પ્રોજેક્ટ, 28 કરોડના સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તેમજ ફાયરની સુવિધાઓ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારીએ વોટર સપ્લાય બાબતે તથા આવનારા દિવસોમાં કંપનીઓમાં વર્કરોની જરૂરિયાત અંગે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. સભામાં અગ્રણી ઉદ્યોગપતિ દિલીપભાઈ સોહોની, માજી પ્રમુખ જશુભાઈ દરબાર સહિત ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પત્નીની હત્યા કરનાર પતિએ અગાઉ પણ પત્નીના પેટમાં ચપ્પુ માર્યુ હતુ

**છરવાડામાં** ચકચારી પત્નીની હત્યા કરનાર પતિ ઝડપાયો, ૩ ઓક્ટોબર સુધીના રિમાન્ડ મેળવાયા

વાપી : વાપીના છરવાડામાં ગઈકાલે ચકચાર મચાવતી ઘટના સામે આવી છે, જ્યાં કેસની અદાવત રાખીને પતિએ પત્નીના ગળાના ભાગે ચપ્પુ ઝીંકીને નિર્દય હત્યા કરી નાખી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ છરવાડા અમરફ્લોરા બિલ્ડીંગમાં રહેતા મનીષ બાબુરામ ચૌધરીની બહેન સીમાબેને વર્ષ ૨૦૧૧માં પરેશ લાખાભાઈ કંટારીયા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેમને ૧૪ વર્ષનો પુત્ર છે અને સીમાબેન છરવાડાના ગણેશનગર ખાતે બિલ્ડીંગની નીચે બ્યુટી પાર્લર ચલાવતા હતા. વર્ષ ૨૦૨૧માં પણ પરેશે પત્ની સીમાને પેટના ભાગે ચપ્પુ મારી દીધું હતું. જે અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો અને આ કેસ વાપી કોર્ટમાં ચાલી રહ્યો હતો. આ ઘટના બાદ બંને અલગ રહેતા હતા.



ગઈકાલે બપોરે પરેશ કંટારીયાએ કેસ પાછો ખેંચવાની કે અદાવત રાખીને સીમાબેન પર છરીથી હુમલો કરી ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. આ બનાવથી આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને આરોપીને ઝડપી પાડી પોલીસને સોંપ્યો હતો. મૃતક ભાઈ મનીષ ચૌધરીની ફરિયાદના આધારે ડુંગરા પોલીસે આરોપી પરેશ કંટારીયા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી છે. પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કરી ૩ ઓક્ટોબર ૨૦૨૬ સુધીના રિમાન્ડ મેળવ્યા છે, જેથી હત્યા પાછળના અન્ય કારણો બહાર આવી શકે.

